૧૨૫૦ આંગણવાડી કેંદ્રોને સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e-file/23/2024/0620/B (ICDS)**

સચિવાલય ગાંધીનગર

<u>વંચાણે લીધા: -</u>

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૦૪/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્ર: **WCDD/IMR/e-file/23/2023/0172/B**

(૨) ભારત સરકારશ્રીના તા: ૨૭/૦૩/૨૦૨૩ના પત્ર ક્રમાંક : **CD-II-14/33/2022/CD-II-(e 103784)**

(3) ભારત સરકારશ્રીના તા: ૧૩/૦૭/૨૦૨૩ના કચેરી યાદી ક્રમાંક : **CD-I-11/3/2021/ -CD-I-Part (e 108441)**

( ૪) કમિશ્નરશ્રી (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા: ૩૧/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: **ICDS/OTR/e-file/257/2022/0038/Infrastructure**

<u>પ્રસ્તાવના : -</u>

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી વર્ષ ૨૦૨૩-૨૪માં નવી બાબત તરીકે ગુજરાત રાજ્યની ૧૨૫૦ આંગણવાડી કેન્દ્રોને અપગ્રેડ કરવા રૂ.૧૦૧૫.૭૫ લાખની વહીવટી મંજુરી આપેલ છે. જેમાં ૯૩૭ આંગણવાડી કેન્દ્રો **LED Screen** વિનાના અને ૩૧૩ **LED Screen** સહિત અપગ્રેડ કરવાના થશે. સક્ષમ આંગણવાડીમાં અપગ્રેડેશન માટે યુનિટની કિંમત **LED** ટીવી સાથેના આંગણવાડી કેન્દ્રો માટે ૧.૦૦ લાખ અને **LED** ટીવી વિના આંગણવાડી કેન્દ્રો માટે ૦.૭૫ લાખ ની યુનિટ કોસ્ટ અનુસાર સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવાની મંજુરી આપેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી ભારત સરકારશ્રી દ્વારા બાકી રહેતા ૯૩૭ આંગણવાડી કેંદ્રોમાં **LED Screen** ની ફાળવણી અર્થેની કુલ રૂ. ૨૩૪.૨૫ લાખની નાણાંકીય જોગવાઇ મંજુર કરવામાં આવેલ હતી.ભારત સરકારશ્રી દ્વારા કુલ ૧૨૫૦ આંગણવાડી કેન્દ્રોને સક્ષમ આંગણવાડી કેન્દ્રોમાં અપગ્રેડ કરવા કુલ રૂ. ૭૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવેલ હતી (3)થી ભારત સરકારશ્રી દ્વારા સક્ષમ આંગણવાડી કેન્દ્રોના વિવિધ કોમ્પોનન્ટ વાઈઝ નિયત કરવામાં આવેલ યુનિટ કોસ્ટમાં જરૂરિયાત મુજબનો આંતર નાણાકીય વપરાશ કરવા માટેની છૂટ આપવામાં આવેલ છે. જેથી વંચાણે લીધેલ (૪)થી કમિશનરશ્રી (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારા મુજબ વંચાણે લીધેલ (૧) માં જરૂરી સુધારા કરવા દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ : -</u>

વિભાગના તા: ૦૪/૦૭/૨૦૨૩ના ઠરાવમાં સુધારો કરી તમામ ૧૨૫૦ આંગણવાડી કેન્દ્રો માટે રૂ. ૧.૦૦ લાખની યુનિટ કોસ્ટ અનુસાર સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવાની વહિવટી મંજુરી આપવામાં આવે છે. જેના નિયત દર નીચે મુજબ છે.

| કોમ્પોનન્ટ | દર |
|---|---|
| પોષણ વાટિકા | રૂ.૧૦,૦૦૦ પ્રતિ યુનિટ |
| રેઈન વોટર હાર્વેસ્ટિંગ | રૂ.૧૬,૦૦૦ પ્રતિ યુનિટ |
| **LED Screen** | રૂ.૨૫,૦૦૦ પ્રતિ યુનિટ |
| વોટરપ્યોરિફાયર/**R.O** | રૂ.૧૦,૦૦૦ પ્રતિ યુનિટ |

Signature Not Verified
Signed by:J B Patel
Section Officer
Date: 2025.07.22
12:54:53 +05:30

File No: WCDD/RTG/e-file/23/2023/0620/B (ICDS)
Approved By: Under Secretary,B (ICDS),WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | |
|---|---|
| વાઈ-ફાઈ/પેન ડ્રાઇવ, **R.O Machine** નું મેઈનટેનન્સ, એસેસરિઝ વગેરે, **ECCE** અને સંલગ્ન પ્રવૃત્તિઓ (શિખવાની અને રમવાની સામગ્રી) | રૂ. ૩૯૦૦૦/- |
| કુલ | રૂ. ૧,૦૦,૦૦૦/- |

ઉક્ત કોમ્પોનનટ વાઈઝ નિયત કરવામાં આવેલ યુનિટ કોસ્ટમાં જરૂરિયાત મુજબનો આંતર નાણાકીય વપરાશ કરવા માટેની છૂટ આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની તા:૦૬/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદીપ પટેલ

સેક્શન અધિકારી,

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.